ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ધોરણ-૮, ૯ ઉપરાંત ૧૧માં ૩૩ ટકાએ પાસ

## શિક્ષણ વિભાગ દ્વારા નવો પરિપત્ર જાહેર કરાયો

## નવા પરિપત્ર મુજબ પરિણામ બનાવવા તાકીદ

ગાંધીનગર, તા. ૨૬

ધો. ૮, ૯ તથા ધો. ૧૧માં સામાન્ય પ્રવાહમાં હમણાં સુધી પાસિંગ માર્કસ ૩૫ ટકા જરૂરી હતા. હવે ૩૩ ટકાએ પાસ થઈ શકાશે તેવો નવો પરિપત્ર શિક્ષણ વિભાગે કર્યો છે. નવા પરિપત્ર મુજબ પરિણામ બનાવવામાં આવશે.

અત્યાર સુધી પરીક્ષા પદ્ધતિમાં કોઈપણ ધોરણમાં પાસ થવા માટે ૩૫ ટકા જરૂરી હતી. નવા નિયમ મુજબ સેકન્ડરી કક્ષાએ ટકાવારી ઘટાડીને ૩૩ ટકા કરી દેવાઈ છે. ધો. ૮, ૯ તથા ૧૧ સામાન્ય પ્રવાહમાં પાસ થવા માટે વિદ્યાર્થીએ ૩૩ ટકા ગુણ મેળવવાના રહેશે તેવી જાહેરાત આ વર્ષે કરાયા બાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા દરેક શાળાને પરિપત્ર મોકલી આપવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે પાસ થવાની નવી ટકાવારી જાહેર કરવામાં આવી છે. તે અન્વયે હવે ૩૫ ટકાના સ્થાને ૩૩ ટકા ગુણ મેળવનાર પરીક્ષાર્થી પાસ ગણાશે. આ પ્રકારનો પરિપત્ર શિક્ષણ વિભાગ તરફથી સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મોકલવામાં આવ્યો હતો. અને તે મુજબ ડીઈઓ કચેરી દ્વારા દરેક શાળાને પરિપત્ર મોકલીને હાલની પરીક્ષાથી જ તેનો અમલ કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

આ અંગે શિક્ષણ વિભાગના સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, પરીક્ષાઓ પૂર્ણ થતાં શિક્ષકો પરિણામ તૈયાર કરવાની કામગીરીમાં લાગી ગયા છે. જો કે ચાલુ વર્ષે માત્ર ધો. ૮, ૯ તથા ૧૧ સામાન્ય પ્રવાહમાં પાસ થવા માટે જ ૩૩ ટકા ગુણ મેળવવા ફરજીયાત હોવાની જાહેરાત શિક્ષણ વિભાગે કરી છે. જેને લઈને વાલી વર્ગ તથા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી છવાઈ છે.

આમ હવે ૩૩ ટકા ગુણ મેળવનાર આ ત્રણેય કક્ષાના વિદ્યાર્થીઓ આગળના ધોરણમાં પ્રવેશપાત્ર બની શકશે. જો કે આ ત્રણેય વર્ગના વિદ્યાર્થીઓએ જે તે વિષયમાં ઓછામાં ઓછા ૨૫ ગુણ મેળવવાના રહેશે. ૨૫ થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને કૃપાગુણનો લાભ મળશે નહીં. જો કે સરેરાશ ગુણ ૩૩ થવા જરૂરી છે. એટલે કે એકાદ વિષયમાં ૨૫ ગુણ ભલે હોય પરંતુ કુલ ગુણની ટકાવારી ૩૩ ટકા થવી જોઈએ. બાકીના વિષયમાં વિદ્યાર્થીએ એટલા ગુણ બીજા વિષયમાં મેળવવાના રહેશે. ચાલુ વર્ષથી જ તેનો પરિપત્ર મુજબ પરિણામ બનાવી અમલ કરવા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી તાકીદ કરાઈ છે.



ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે ગાંધીનગરમાં સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત પરેડનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પરેડનું રિહર્સલ શરૂ કરી દેવામાં આવ્યું છે, જેને જોતાં આગામી પહેલી મે ના રોજની ઉજવણી ભવ્યાતિભવ્ય હશે એવો અંદાજ આવી રહ્યો છે.

# ગાંધીનગરમાં વાહનોની ગતિમર્યાદા જાળવવા સર્કલો પર સ્પીડોમીટર મૂકાશે

## અમદાવાદના અમુક વિસ્તારમાં આ યોજના સફળ : શહેરમાં અમલ કરવા પણ સઘન વિચારણા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ખુલ્લા અને પહોળા માર્ગો પર ગતિનિયંત્રણની વાત વિસરાતા ટ્રાફિક નિયમનના નામે મીંડુ ચિતરાયેલું જોવા મળે છે. જ્યારે આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી જોખમાઈ હોવાની સાથે ટ્રાફિકને લગતા પણ અનેક પ્રશ્નો મંડરાયા છે. પરંતુ હવે પેંડા પરની જિંદગીને જોખમી બનતી અટકાવવા અને ગતિમર્યાદા ઓળંગતા વાહનોને રોક લગાવવા સ્પીડોમીટર લગાવવાની પ્રબળ વિચારણા હાથ ધરવામાં આવી છે.

પાટનગરમાં ચાર દાકકાના અંતે સળગતા પ્રશ્નોની વાત કરીએ તો માર્ગ સલામતીની બાબત મુખ્ય બની રહે છે. નગરની ભૌગોલિક સ્થિતિ તેમજ રોડ નેટવર્કના લીધે મુખ્યમાર્ગો પર ડગલે ને પગલે માર્ગ સલામતી જોખમાય તેવા સંજોગો છે. તેમાંય યોગ્ય ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે ટ્રાફિક સેન્સ પણ ખોરવાતા પેંડા પરની જિન્દગી વધુ જોખમી બની છે. જેને અનુલક્ષી નગરના મુખ્યમાર્ગો પર અગાઉ ૪૦ કિ.મી.ની ગતિમર્યાદા જાળવવા નિર્ણય લેવાયો હતો પરંતુ માર્ગ સલામતીને સ્પર્શતા અન્ય પરીબળોની જેમ આ મુદ્દે પણ અમલવારી વિસરાતા લાંબા સમયના અંતે પણ બેફાન ગતિને રોડના વાહનો પર રોક લગાવી શકાયો નથી. પરંતુ હવે વાહનોમાં ગતિ નિયંત્રણ લાગુ પાડવા નક્કર આયોજન હાથ ધરવાની દિશામાં સઘન વિચારણા ચાલી રહી છે. પોલીસતંત્રના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર નગરમાં બેફામ ગતિએ દોડતા વાહનોની ગતિ નિયંત્રણો

● અનુસંધાન પાન-૭ પર

# ખૂણે ખાંચરેથી

● ૧લી મે ની ઉજવણીના આયોજનને આખરી ઓપ આપવા આજે કલેક્ટરના અધ્યક્ષપદે બેઠક મળી હતી. ● આગામી મે મહિનામાં હવે રાજ્યમંત્રીમંડળના સભ્યો જિલ્લામાં જઈ તેમના વિભાગના પડતર પ્રશ્નોના ઉકેલની કામગીરી કરશે તેમજ કામગીરીની સમીક્ષા કરશે. ● ૨૯મી એપ્રિલે યોજાનાર એ.આઈ.ત્રિપલ ઈ ની પરીક્ષા માટેનું કેન્દ્ર ગાંધીનગરના વિદ્યાર્થીઓને વડોદરા મળતાં વાલીઓ વડોદરા જવાની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. ● બીજી મે ના રોજ મહાત્મા મંદિર ખાતે સમરસ પંચાયતોના યોજાનાર સંમેલન વખતે સરકારની સિદ્ધિઓનું વિશેષ પ્રદર્શન યોજાશે. ● રાજ્ય ચૂંટણી પંચે તેના કેસો લડવા માટે વકીલોની પેનલ બનાવવા માટે ૧૫મે સુધી અરજીઓ કરવા જણાવ્યું છે. ● સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. હસમુખભાઈ નાયક દીકરી સાથે મ્યાનમાર ફરવા જવા રવાના થયા છે. ● આજે સાંજના સુમારે સે. ૬-૭ નજીક એક ખાનગી કારચાલકની ચાલુ ડ્રાયવીંગ દરમ્યાન તબિયત લથડતાં કાર ડિવાઈડર સાથે અથડાઈ જવા પામી હતી.

# સેક્ટર-૨ અને ૭માં પાણીના પોકાર : રહીશોમાં આક્રોશ

## પાણી વ્યવસ્થાની સમીક્ષા હાથ ધરી પૂરતા ફોર્સથી આપવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૬

ઉનાળો આકરો બનતા નગરના નવવિકસિત વિસ્તારમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. સે. ૨ અને ૭માં પૂરતા ફોર્સથી પાણી ન આવતું હોવાનો કકળાટ સ્થાનિક રહીશોના આક્રોશનું કારણ બન્યો છે.

દાયકાઓના અંતે શહેરમાં વસતી અને વિકાસને ધ્યાને લઈ પાણી વ્યવસ્થા અપગ્રેડ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ હજુ આ આયોજન પરિણામલક્ષી ન બનતા નવવિકસિત વિસ્તારના રહીશોએ પાણીના પ્રશ્ને માથે હાથ મુકવાનો વારો આવ્યો છે. ઉનાળાની આકરી ગરમીના દિવસો શરૂ થતા છેલ્લા કેટલાક સમયથી નવા સેક્ટરોમાં પાણીનો પ્રશ્ન જટીલ બન્યો છે. સે. ૨ અને ૭ માં પૂરતા ફોર્સથી અને પૂરતા સમય સુધી પાણી ન આવતુ હોવાની વ્યાપક ફરિયાદો આમ નાગરિકોના રોષનું કારણ બની છે. આ અંગે શહેર જાગૃત નાગરિકપરીષદના ઉપપ્રમુખ જયંતિભાઈ જી. ભટ્ટે રજૂઆતમાં જણાવ્યા અનુસાર એકબાજુ ખામીયુક્ત પાણી વિતરણ વ્યવસ્થાના લીધે અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે. જ્યારે પાણીના પ્રશ્નથી ત્રસ્ત નાગરીકોએ મોટર મુકીને પાણી ખેંચવાની ફરડ પડે છે. આવા સંજોગોમાં તંત્રએ રહીશોને પાણીના પ્રશ્ને ટટળાવવાની નીતી ટાળી પુરતા ફોર્સથી પાણી આપવા નક્કર આયોજન કરવું જોઈએ. તથા સેક્ટરોમાં પાણી વ્યવસ્થા સંદર્ભે તાત્કાલિક સમીક્ષા હાથ ધરી ગરમીના દિવસોમાં રહિશોને યોગ્ય પાણી પુરવઠો ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પ્રબળ માંગ કરી છે.

# જિલ્લાના શિક્ષકો માટે સર્વેક્ષણ કસોટી

## જિલ્લાના ૧૭૦૦ શિક્ષકોને ખામીઓ દૂર કરવા કેવા પ્રકારની તાલીમ આપવી તેનો ખ્યાલ આપશે

ગાંધીનગર, તા. ૨૬

બોર્ડના વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થતા હવે શિક્ષકોની કસોટી લેવાશે. શિક્ષણને વધુ અસરકારક બનાવવાતેમજ શિક્ષકોમાં રહેલી ખામીઓને સુધારવા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૨૮ એપ્રિલના રોજ શિક્ષણ સજ્જતા સર્વેક્ષણ કસોટી યોજવામાં આવનાર છે. જેમાં જિલ્લાના ૧૭૦૦ જેટલા માધ્યમિક વિભાગના શિક્ષકો આ પરીક્ષા આપશે.

છેલ્લા દોઢ મહિનાથી હાથ ધરાયેલ પરીક્ષાની કાર્યવાહીના અંતે બોર્ડ કક્ષાએ યોજાયેલી પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે શિક્ષકોની કસોટી લેવાશે. વિદ્યાર્થીવર્ગ બોર્ડની કપરી કસોટી પાર કરી હાલ વેકેશનના મુડમાં છે ત્યારે શૈક્ષણિકક્ષેત્રે શિક્ષણને વધુ ગુણવત્તાસભર અને અસરકારક બનાવવા શિક્ષકો માટે વિશિષ્ટ કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૨૮ એપ્રિલના રોજ શિક્ષકો માટે શિક્ષણ સજ્જતા સર્વેક્ષણ કસોટી યોજવામાં આવનાર છે. જેમાં જિલ્લાના ૧૭૦૦ શિક્ષકો ઓ.એમ.આર. પદ્ધતિથી પરીક્ષા આપશે. બપોરે ૧૨ થી ૨ દરમિયાન સામાન્ય ક્ષમતા અને શિક્ષણશાસ્ત્રનું પ્રશ્નપેપર ફરજિયાત આપવું પડશે. પરીક્ષા દરમિયાન ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ગણિત અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોને આવરીલેવામાં આવ્યા છે. આ પરીક્ષાના આધારે શિક્ષકોમાં રહેલી ખામીઓનો ખ્યાલ આવશે. આ ઉપરાંત તેમને કેવા પ્રકારની તાલીમની જરૂર છે તે અંગે જાણકારી મળશે.

# બ્રહ્મસમાજ દ્વારા ૨૯મીએ પ્રથમ સમૂહલગ્નોત્સવ અને યજ્ઞોપવિત

ગાંધીનગર, તા. ૨૬

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા આગામી એપ્રિલના રોજ પ્રથમ સમૂહલગ્નોત્સવ તેમજ યજ્ઞોપવિત સમારોહનું બ્રહ્મભવન સે. ૧૬ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

સમસ્ત બ્રહ્મસમાજની અખબારીયાદીમાં જણાવ્યા મુજબ લગ્નોત્સવને લઈ ૨૮મીની રાત્રે ગરબાનું આયોજન બ્રહ્મભવન ખાતે કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ૨૯મીની સવારથી માંગલિક કાર્યક્રમો શરૂ થશે અને બપોરે બે વાગે કન્યા વિદાય યોજવામાં આવશે.

ભુવનેશ્વરીપીઠ ગોંડલના પ.પૂ. આચાર્યશ્રી ઘનશ્યામજી મહારાજની અધ્યક્ષતામાં યોજાનાર આ પ્રથમ સમૂહલગ્ન અને યજ્ઞોપવિત સત્કાર સમારોહમાં પૂ. ભારતીબાપુ વિશેષ હાજરી આપશે તથા આ પ્રસંગે પૂર્વમંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, શ્રી કૃષ્ણકાન્ત જહા, શ્રી નિસીત વ્યાસ, શ્રી દોલત ભટ્ટ, શ્રી ડી.કે. વ્યાસ, શ્રી પ્રદીપભાઈ રાવલ, શ્રી ગિરીશભાઈ રાવલ, શ્રી આશિષ દવે, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી જ્યોતિન્દ્ર વ્યાસ, શ્રી પ્રણવભાઈ જોષી, શ્રી પ્રસાંતભાઈ જોષી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે.

# શહેરમાં ગેરકાયદેસર ટેક્ષી સ્ટેન્ડ દૂર કરાશે

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં ટ્રાફિક નિયમને અનુલક્ષી હવે પોલીસ તંત્ર વધુ કડક વલણ અપનાવશે. નગરમાં ટ્રાફિકની દટિએ અડચણરૂપ બનતા ગેરકાયદેસર ટેક્ષી સ્ટેન્ડ ટ્રાફિક પોલીસ દૂર હટાવશે.

શહેરમાં છેલ્લા એક દાયકા દરમિયાન વાહનોની સંખ્યા વધતા ટ્રાફિક સિનારીયો પણ બદલાયો છે. નગરના મુખ્યમાર્ગો સહિત સેકટરોના આંતરિક માર્ગો વાહનોથી ધમધમતા જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં શહેરના મુખ્યમાર્ગો સહિત સેકટરોના એપ્રોચ નજીક અસ્તિત્વમાં આવેલ ગેરકાયેદસર ટેક્ષી સ્ટેન્ડના લીધે ટ્રાફીકને લગતા અનેક પ્રશ્નો ઉદભવે છે. બીજી તરફ લાંબા સમયના અંતે પણ શહેરમાં રીક્ષા સ્ટેન્ડ બનાવવાની યોજના સંદર્ભે કોઈ ગતિવિધિઓ હાથ ધરવામાં આવતી નથી. નગરમાં ટ્રાફિકની દષ્ટિએ અડચણરૂપ થતા ગેરકાયદેસર ટેક્ષી સ્ટેન્ડ દૂર કરવા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ટૂંકમાં જ પગલાં લેવાશે. ટ્રાફિક પોલીસ ખાસ ગેરકાયદેસર સ્ટેન્ડ દૂર કરવાની કામગીરી હાથ ધરશે.

**જિલ્લા પોલીસ તંત્ર ટૂંકમાં પગલાં લેશે**

# તોડ કેસમાં સિકયુરીટી ઈન્ચાર્જની આખરે ધરપકડ

ગાંધીનગર, તા. ૨૬

ખોરજ નર્મદા કેનાલ પાસે ઉભેલા દંપતિ પાસેથી રૂ. ૧૦ હજારનો તોડ કરનાર સિકયુરીટી ઈન્ચાર્જની આજે અડાલજ પોલીસે ધરપકડ કરી પુછતાછ હાથ ધરી છે.

પ્રતિબંધિત વિસ્તારમાં ઉભા હોવાનું જણાવી અમદાવાદના દંપતિ પાસેથી રૂ. ૧૦ હજારનો તોડ કરવાના મામલે ગઈકાલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. અમદાવાદમાં રહેતા કૃણાલભાઈ તેમજ તેમના પત્ની ખેડબ્રહ્માથી પરત ફરતી વેળાએ જિલ્લામાંથી પસાર થતી ખોરજ કેનાલ પાસે ઉભા રહેતા આ વેળાએ સ્થાનિક સિકયુરીટીના જવાને ઈન્ચાર્જને જાણ કરી હતી. આ મામલે સિકયુરીટી ઈન્ચાર્જ મહેન્દ્રસિંહ યાદવે તમે પ્રતિબંધિત વિસ્તારમાં હોવાનું જણાવી રૂ. ૧૦ હજારનો દંડ ભરવાનું કહી આ રકમનો તોડ કર્યો હતો. દંપતિની ફરીયાદ અનુસંધાને અડાલજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાએ તપાસ હાથ ધરી છે. જે અન્વયે પોલીસે આજે આ કેસના આરોપી સિકયુરીટી ઈન્ચાર્જ મહેન્દ્રસિંહ યાદવની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**જોઈએ છે**

ભાડેથી ૨૫૦ થી ૫૦૦ વારનો પ્લોટ

કોન્ટેક્ટ ૯૪૨૭૦ ૫૮૯૪૬




Stockiest List - Gandhinagar Dist. S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 |
| HET TRADERS | DABHODA | 81410 17688 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 |

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| **Company Markteing Staff :** | | |
| **Kartikey Vyas** | | **98796 05116** |
| **Kinshuk Dave** | | **83475 57002** |




TMT BARS - ISI
C. PVC, UPVC
STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com